# શહેરમાં આજે વધુ ૨૧ કેસ મળ્યા

## તમામ દર્દીએ આજે હોમ આઈસોલેશન સ્વીકાર્યુ : શહેરમાં આજે સે. ૪ માંથી ૩, સે. ૩, ૨૩, સે. ૭, ૮ અને ૩૦માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૨, ૨૬, ૨૫, ૬, ૧૪, ૨૧, બોરીજ, સે. ૧માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૧ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૦૬૦ થયા છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. છેલ્લા ત્રણ જ દિવસમાં ૬૧ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેતા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની કામગીરી પણ વધવા પામી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં નવ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મોટી વયના દર્દીઓ પણ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની નીતિ અમલમાં હોવાથી ૨૦૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

શહેરમાં આજે સે. ૪ માંથી ૩, સે. ૩, ૨૩, સે. ૭, ૮ અને ૩૦ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૨, ૨૬, ૨૫, ૬, ૧૪, ૨૧, બોરીજ, સે. ૧ માંથી કેસો મળી આવ્યા છે. સે. ૩ માંથી બે કેસ મળી આવેલ છે. સે. ૩ માં રહેતા સચિવાલયમાં ફરજો બજાવતા ૫૬ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૪ માંથી ૩ કેસ મળી આવ્યા છે. શિક્ષક તરીકે ફરજો બજાવતા ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૨ માંથી આંકડા મદદનીશ તરીકે કૃષિભવનમાં ફરજો બજાવતા ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૬ માં રહેતા ગાંધીનગરમાં પ્રેકટીસ કરતા ૪૨ વર્ષીય એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશન પસંદ કર્યુ છે.

સે. ૨૩ માંથી આજે બે કેસ મળી આવેલ છે. ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૧૧ વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૫ માંથી ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૬ માંથી ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માંથી બે કેસ મળી આવેલ છે. ૨૭ વર્ષીય યુવા બિઝનેશમેન તેમજ ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૮ માંથી પણ બે કેસ મળી આવ્યા છે. ચીફ જનરલ એકાઉન્ટન્ટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સાણંદ ફાર્માસ્યુટીકલ કંપનીમાં નોકરી કરતા ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૧૪ માંથી ૩૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૧ માંથી ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બોરીજમાંથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧ માંથી ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩૦ માંથી ૭૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧ માંથી ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે.

## ગુરુકુલના સ્થાપક શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીએ ૯૩ વર્ષની જૈફ વયે કોરોનાને મ્હાત આપી

ગાંધીનગર તા ૧૦

ગુરુકુળના સ્થાપક શાસ્ત્રીજી હરિપ્રકાશ સ્વામીએ ૯૩ વર્ષની જૈફ વયે કોરોનાને મ્હાત આપી છે. સ્વામીજીના મજબુત મનોબળથી ડોકટરોની ટીમ પણ પ્રભાવિત થઈ છે. તેમની આરોગ્ય સુખાકારી માટે ગુરુકુલ પરિવાર તેમજ સંતોએ પણ પ્રાર્થના કરી હતી. કોરોના મુકત થયા બાદ હરિપ્રકાશ સ્વામીએ માધવપ્રિયદાસજી સ્વામીના આર્શીવાદ લીધા હતા તેમજ ગુરુકલ પરિવારજનો પ્રત્યે પણ આભારની લાગણી વ્યકત કરી હતી.



ગાંધીનગરમાં વર્ષ ૧૯૭૨થી શિક્ષણક્ષેત્રે કાર્ય કરતા સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રણી સંત શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીજીએ કોરાનાને મ્હાત આપી છે. શાસ્ત્રીજી હરિપ્રકાશ સ્વામી સતસંગ , શિક્ષા પરિષદ ટ્રસ્ટના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી છે. સતસંગ શિક્ષા પરિષદ ટ્રસ્ટ દ્વારા નગરમાં સે-૨૨, ૨૩ , જી ઈ બી કોલોની અને ભાટમાં વિવિધ શૈક્ષણિક સંસ્થા ચલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત આ જ ટ્રસ્ટ દ્વારા ભાવનગર , કેવડિયા કોલોની , પોરબંદર , રોજર ધર્મપુર લાઠીદળ જેવા ગુજરાતના અન્ય જિલ્લામાં પણ શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવામાં આવી રહી છે. આ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ૬૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ સંસ્થા દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંસ્કારનુ સિંચન કરવામાં આવી રહ્યુ છે. નર્મદા અને વલસાડમાં અન્નદાન અને વસ્ત્રદાન જેવી સેવાકીય પ્રવૃતિ પણ કરવામાં આવે છે. હરિપ્રકાશ સ્વામીને શરૂઆતના તબક્કામાં તાવ અને ખાસીના લક્ષણો દેખાતા તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો તા ૨૧ ઓકટોબરના રોજ તેમને કોરોના પોઝિટીવ આવતા તેમને એસ જી વી પી હોસ્પિટલ ખાતે દાખલ કરાયા હતા તેમની ઉંમર ૯૩ વર્ષની હોવાથી શરૂઆતમાં શ્વાસ લેવામાં તકલીફ પડી હતી જેથી તેમને ઓકિસજન પર રાખવામાં આવ્યા હતા પરંતુ બે ત્રણ દિવસ બાદ તેમની તબિયતમાં સુધાર જોવા મળ્યો હતો. જૈફ વયે કોરાના સામે લડત આપતા સ્વામીજીના મજબુત મનોબળને જોઈ હોસ્પિટલના ડોકટરોએ પણ આશ્ચર્યની લાગણી વ્યકત કરી હતી.સ્વામીજીનો વ્હીલપાવર મજબુત હોવાથી કોરોના પણ ગાયબ થઈ ગયો હતો. હોસ્પિટલના ડોકટરોએ પણ સ્વામીજીની યોગ્ય સારવાર કરી હતી.

## ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ

### કુડાસણમાં પાંચ કેસ સહિત તાલુકામાં ૧૦ કેસ નોંધાયા, કલોલ-માણસામાં ૧-૧ કે : ૧૫ ને ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૨ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કેસોના સતત થઈ રહેલા ચઢાવ ઉતારને લઈ તંત્ર ચિંતીત થયુ છે. એન્ટીજન ટેસ્ટ અંગે તંત્ર મૌન સેવી રહેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત ચડાવ ઉતાર વચ્ચે મહિલા દર્દીઓ અને મોટી વયના લોકો સંક્રમિત થતા જે મળી રહ્યા છે તેણે પણ તંત્રની ચિંતા વધારી છે. ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બની વિસ્તરી રહ્યો છે. આ ઉપરાંત ડેથરેટ પણ તંત્રની ચિંતાનો વિષય બન્યો છે. આજે બાલવા ચોકડી ખાતે કરાયેલ એન્ટીજન ટેસ્ટના કેમ્પમાં ૧૬ કેસ પોઝીટીવ મળી આવ્યા હતા પરંતુ તંત્ર આ મુદ્દે મૌન છે.

જિલ્લામાં આજે જે ૧૨ કેસ મળી આવ્યા છે તેમાં ૧૦ કેસ ગાંધીનગર તાલુકાના છે તો માણસા અને કલોલમાંથી એક-એક જ કેસ નોંધાયો છે. આજે પણ નોંધાયેલા ૧૨ કેસોમાં પાંચ કેસ મહિલા દર્દીઓના છે. ગ્રામીણ વિસ્તારમાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે તેને કારણે તંત્રની કામગીરી વધી છે.

ગાંધીનગર તાલુકામાં જ કોરોના જે રીતે બેકાબુ બન્યો છે તેણે તંત્રની મુંઝવણમાં વધારો કર્યો છે. જિલ્લામાં હાલ સૌથી વધુ કેસ પણ ગાંધીનગર તાલુકામાં થયા છે.

આજે મોટા-ચિલોડા ખાતેથી ૪૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કોલવડા ગામેથી ૪૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કોરોના માટે અતિ સંવેદનશીલ બનેલ કુડાસણ ગામમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. જેમાં ૩ નિવૃત્ત કર્મયોગી છે.

૩૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ૭૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીની અને ૭૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

● અનુસંધાન પાના - ૭ પર

### બાલવા ચોકડી પર ૧૦૧ ટેસ્ટ કરાયા : ૧૬ પોઝીટીવ : તંત્ર મૌન

ગાંધીનગર જિલ્લામાં મુખ્ય ગ્રામીણ માર્ગો પર રેપિડ એન્ટીજન ટેસ્ટના પરિણામો ચોંકાવનારા આવતા હોવાથી તંત્રએ ગંભીર મૌન ધારણ કરી લીધુ છે. આજે બાલવા ચોકડી ખાતે બપોરના બે વાગ્યા સુધીમાં કરાયેલા ૧૦૦ ટેસ્ટમાંથી ૧૬ પોઝીટીવ કેસ મળી આવ્યા હતા. આ જે ૧૬ કેસ પોઝીટીવ આવ્યા તેમાં એક રિદ્રોલ ગામનો વ્યક્તી હતો તો અન્ય એક મહેસાણાનો વ્યક્તી હોવાનું જાણવા મળેલ છે.

જો કે આજે જિલ્લાતંત્રની સત્તાવાર યાદીમાં એક પણ કેસ દર્શાવવામાં આવ્યો નથી. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે આજે મળેલા આ ૧૬ કેસના દર્દીઓએ સિમ્ટોમેટીક જણાયા હતા. તંત્રએ તેમને ક્વોરોન્ટાઈન થવાની સલાહ આપી છે. સોજા ગામે કેસોની સંખ્યા વધી રહી છે પણ તંત્ર દ્વારા તે બાબતે મૌન સેવવામાં આવી રહ્યુ છે. કલોલ તાલુકામાં કોરોનાથી એકનું મોત થયાના અહેવાલો પણ મળ્યા છે જો કે તંત્ર આ મુદ્દે પણ મૌન સેવી રહેલ છે. દરમ્યાન ભાજપના પંચાયત સદસ્ય જયેશભાઈ ચૌધરીએ તેમના મત વિસ્તારના ગામોમાં સરપંચોને સાથે રાખી આયુર્વેદની દવાઓનું વિતરણ શરૂ કર્યુ છે.

## ખૂણેખાંચરેથી

- ઘ રોડ પર અન્ડરપાસના ચાલી રહેલા કામકાજ દરમ્યાન જી-સ્વાન કનેક્ટીવીટીના વાયરો કપાતાં આજે ઘણી બધી જગ્યાએ ત્રણ કોલેજો સહિત ઈન્ટરનેટ સહિતની સુવિધાઓ ઠપ્પ થઈ હતી.
- બેંક ઓફ બરોડાની વિધાનસભા શાખામાં આવેલા કોરોના પોઝીટીવના કેસોને પગલે શાખાનું કામકાજ બંધ કરી દેવાયુ અને ગ્રાહકોને સે. ૨૧ની શાખામાં જવાની સૂચના અપાય છે પરંતુ ત્યાં પણ મોટી બ્રાન્ચ હોવાથી ગ્રાહકોની લાંબી લાઈન અને સોશિયલ ડિસ્ટન્સીંગ ન જળવાતાં પાટનગરવાસીઓ અટવાયા છે.
- પિરાણા ખાતે કેમીકલ ફેકટરીમાં બનેલ બ્લાસ્ટ અને આગની ઘટના બાદ દરેક જિલ્લાઓમાં આ અંગે તપાસ કરી અહેવાલ મોકલવા માટેની સૂચના સરકારે આપતાં દરેક જિલ્લામાં આ અંગે અધિકારીઓની ટીમ દ્વારા તપાસ કરાશે.
- રાજ્યમાં કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિને લઈ ઈન્ચાર્જ બનાવાયેલ અધિક મુખ્ય સચિવ પંકજકુમારે આજે જિલ્લાઓ સાથે સમીક્ષા બેઠક વિડીયો કોન્ફરન્સના માધ્યમથી યોજી હતી.
- ગ્રામ વિકાસના પ્રશ્નો અને કામગીરીની સમીક્ષા માટે આજે રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમ વી.સી. યોજી અને જિલ્લાઓ સાથે બેઠક કરશે.
- કમલમ્ ખાતે આજે યોજાયેલ વિજ્યોત્સવમાં ભાગ લેવા માટે મુખ્યમંત્રી રૂપાણી અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ એક સાથે એક જ કારમાં આવ્યા હતા.





